સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

સંક્રમણનાં ઊંચા શિખરો સર કરે છે કોરોના!
મોટું આક્રમણ 'પ્રાણ' ના વાયુ પર કરે છે કોરોના -
યમરાજની ભેંસ બની નિશ્ચિંત, ચરે છે કોરોના -
શેરીએ, શેરીએ શિકાર શોધતો ફરે છે કોરોના...
(ઘરે-ઘરે, કોરોનાનો હાહાકાર)

હાઈકુ

તાપમાં પણ
આવતી આગાહીથી -
ધૂજાવે 'સર્વે'
(બિહામણું ચિત્ર)

છૂટકો નથી -
સમર્પણ સિવાય -
કરો પ્રાર્થના...
(હવે સૌ રામભરોસે)

ચિંતન

બ્રહ્માંડ મંડલીમાત્રં કિં લોભાય મનસ્વિનઃ ।
શફરીસ્ફુરિતેનાબ્ધેઃ ક્ષુબ્ધતા જાતુ જાયતે ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જે તીવ્ર વૈરાગ્યવાન મનસ્વી પુરુષ છે તેને પૂરા બ્રહ્માંડનાં ભોગો શું લોભાવી શકે? ના, ના... સમુદ્રમાં કોઈ માછલી કુદાકુદ કરે તો શું સમુદ્ર ચલાયમાન થાય છે? ના, ના. આવી જ રીતે તીવ્ર વૈરાગ્યવાન વ્યક્તિને કોઈ ગમે તેટલી લાલચ આપે તો પણ ચલાયમાન થતો નથી.

જેને સંયમ પર વિજય મેળવી લીધો છે તેને કોઈ જ વ્યભિચાર - વાસના ડગાવી શકતા નથી - એ જ રીતે સાચો તપસ્વી છે મન-વાણી-વિચાર પર જેનો કાબૂ છે એ સાચો તપસ્વી છે.

સુવિચાર

- સુખની બે ચાવી છે... 'ખડખડાટ' અને 'ઘસઘસાટ' - **એસ. ભટ્ટાચાર્ય**
- જીભ એક પણ ટીપું લોહીનું પાડ્યા વગર હત્યા કરી શકે છે - **ડો. હંચલ ભચેચ**
- પુરુષાર્થ અને ભાગ્ય બંને એક જ હેડ ઓફિસમાં કામ કરે છે, તે એક જ બળદગાડાના બે બળદ છે, મનુષ્ય શરીર પર ભાગ્ય છે, બેઠા રહેશો તો ભાગ્ય પણ બેઠું રહેશે - **મોરારિ બાપુ**
- વ્યક્તિના શીલથી તેના જીવનની શૈલી બને છે - **બોધિ વૃક્ષ**
- કર્મનો ત્યાગ નથી કરવાનો, કર્મમાં ત્યાગ હોવો જોઈએ - **હરિભાઈ કોઠારી**
- ફળની અપેક્ષા વાળી સેવા અશાંતિ આપે છે અને ફળની અપેક્ષા વાળું સ્મરણ ઉગ્રતા આપે છે - **અનામી**
- આજનું ઔષધ : આંબાના પાનને તવા પર ધીમા તાપે સેકી ભસ્મ કરવા. આ ભસ્મ ને ચાળીને કાચની શીશીમાં ભરી રાખવી. ચપટી ભસ્મ સવાર-સાંજ દાંતે ઘસવાથી પાયોરિયા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સીત્તેર વર્ષના દાદા ને એક વખત પેશાબ ઉતરતો બંધ થઈ ગયો. ડૉક્ટરને બતાવ્યું. ડૉક્ટરો કહ્યું કે તમારે ઓપરેશન કરાવવું પડશે. પેશાબ ઉતારવામાં તકલીફ પડે તે પહેલાં ઓપરેશન એક જ ઉપાય હોવાથી ઓપરેશન કરાવી નાખવું. ડૉક્ટરે સફળ ઓપરેશન કરી રજા આપતી વખતે એક મોટી રકમનું બિલ આપ્યું.

બિલ વાંચીને દાદા રડવા લાગ્યા. ડૉક્ટરે કહ્યું, 'દાદા, ચિંતા ન કરો, બિલમાં હું દસ ટકા ડિસ્કાઉન્ટ આપી રહ્યો છું. દાદાએ કહ્યું, 'હું બિલની રકમ વાંચીને નથી રડતો પણ એ વિચારીને રડું છું કે ભગવાનની કેવી કૃપા છે કે જેણે સિત્તેર વર્ષ સુધી મને પેશાબ ઉતારવા માટે મારી પાસે કોઈ પૈસા નથી લીધા.'

કયારે આપણે સૌ એ પણ વિચારવું જોઈએ કે હોસ્પિટલમાં ઓક્સિજન આપવાના કેટલા પૈસા વસુલાય છે? જે પરમેશ્વરે આપણને તદ્દન ફ્રીમાં આપ્યો છે.

આવી અનેક વસ્તુ ભગવાન આપણને કંઈ પણ આશા વગર આપે છે.

એક્ઝિટ પોલ દીદીની એક્ઝિટ નથી દર્શાવતા : વિપક્ષ માટે ઊજળું ભવિષ્ય

તંત્રીસ્થાનેથી...

ભારે રસાકસી વચ્ચે પશ્ચિમ બંગાળની અને અન્ય રાજયોની વિધાનસભાની ચૂંટણી સંપન્ન થઈ છે. સવિશેષ પશ્ચિમ બંગાળનાં પરિણામોની દૂરગામી અસરો રહેશે કારણ કે ત્યાં દસ વર્ષથી એકચક્રી શાસન ચલાવી રહેલાં અને કેટલીક બાબતોમાં વિવાદાસ્પદ બનેલાં છતાં પ્રજામાં મજબૂત મૂળિયાં ધરાવતાં મમતા બેનરજીને હરાવવા વડાપ્રધાન અને ગૃહ પ્રધાન સહિત ભારતીય જનતા પાર્ટીના દેશભરના કાર્યકર્તાઓની ફોજ મેદાને પડી હતી. મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓને રાતોરાત પક્ષપલટો કરાવી ભારતીય જનતા પાર્ટીએ પોતાના ઉમેદવારો બનાવ્યા હતા. આમ એક કહેવાતી ''અબળા'' સામે એનાં જ હથિયારો વડે ધુરંધરોએ યુદ્ધ છેડ્યું હતું. વળી મમતા બેનરજીએ જેમનું સુદીર્ઘ શાસન ઉખાડી ફેંકેલુ એ ડાબેરી પાર્ટીઓના કાર્યકરો પણ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના પ્રખર પ્રચારક બની રહ્યાં હતા. મમતા બેનરજી માટે આ ચૂંટણી જરૂર પ્રતિષ્ઠાની ચૂંટણી હતી, પરંતુ એમનાથી વધુ તો એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ માટે પ્રતિષ્ઠાની લડાઈ બની ગઈ હતી. આવા કપરા કોરોના કાળમાં મોદી અને શાહ લાખોની સંખ્યામાં ઊમટતા મતદાતાઓની રેલીઓ પર રેલીઓ સંબોધતા રહ્યા તે ત્યાં સુધી કે ના છૂટકે અદાલતે એની નોંધ લેવી પડી અને ચૂંટણીપંચને હત્યારું ગણવા સુધીની ચીમકી આપવી પડી હતી. આખરે ચૂંટણીના છેલ્લા તબક્કામાં મમતા બેનરજીએ એમની રેલીઓ રદ કરી હતી અને વડાપ્રધાને પણ કેટલીક સભાઓ રદ કરી હતી. પરિણામ તો હજી ૨ મે ના દિવસે જાહેર થશે, પરંતુ બમ્પર મતદાન પરથી એટલું અનુમાન તો જરૂર લગાવી શકાય એમ છે કે બેઉ તરફથી જીતવા માટે જીવ સટોસટની બાજી લગાવાઈ હતી. મમતા દીદીને પગે ફ્રેક્ચર થયું હોવા છતાં તેઓ વ્હીલચેરમાં પ્રચારકાર્ય સંભાળતાં રહ્યાં અને વડાપ્રધાન એમની લાક્ષણિક અને ટાગોર બ્રાન્ડ દાઢી સાથે ''પોરિબોર્તન'' - પરિવર્તનની ગુહાર લગાવતા રહ્યા. મતુઆ સમુદાયના મતો અંકે કરવા ચૂંટણીકાળ દરમિયાન જ એમણે બાંગ્લાદેશનો અધિકૃત સરકારી કાર્યક્રમ ગોઠવ્યો તથા મંદિરમાં દર્શન કરી આશીર્વાદ લઈ આવ્યા. આટલા બધા પ્રયત્નો પછી પણ મમતા દીદી 'કમ બેક' કરશે એવી આગાહી કરતા એક્ઝિટ પોલ સાચા પડશે તો એ વડાપ્રધાન-ગૃહ પ્રધાનની રાજનીતિ સામે ભારે લપડાક સમાન હશે. 'એન્ટી ઈન્કમ્બનસી'નો લાભ મેળવવા ઉપરાંત બાંગ્લાદેશી ઘૂસણખોરો અને લઘુમતીઓ વિરૂદ્ધ મજબૂત 'હિંદુત્વ કાર્ડ' ઊતરીને ભારતીય જનતા પાર્ટીએ એનાથી થઈ શકે તે તમામ પ્રયાસો કર્યા છે. મમતા બેનરજી સામે સીધા શ્રી રામ જ મેદાનમાં ઊતર્યા હોય એવો ઝનૂની માહોલ ઊભો કરનાર ભારતીય જનતા પાર્ટી ઘણી બધી બેઠકો મેળવ્યા છતાં સત્તાથી દૂર રહેશે તો તે દેશની લોકશાહી માટે આશીર્વાદરૂપ બાબત બની રહેશે. ઝાંશીની રાણીને જાંખી પાડે એવા ઝનૂન સાથે સાક્ષાત દુર્ગાની જેમ મમતા બેનરજી ઝઝૂમ્યાં હતાં. એમણે વિપક્ષોને એક મંચ પર આવવાનું આહવાન કરીને આગામી લોકસભાની ચૂંટણીમાં મોદી સામે મોરચો માંડવાની ભૂમિકા ઊભી કરી છે. બધા એક્ઝિટ પોલ સાચા નથી પડતા, પણ કદાચ મમતા બેનરજી હેટ્રિક કરશે તો તે ભાજપ માટે સત્તાનાં વળતાં પાણીની શરૂઆત હશે એટલું જરૂરી કલ્પી શકાય. કેરળમાં ડાબેરીઓ અને તમિલનાડુમાં ડીએમકે સત્તા પર આવે એવી આગાહી છે. આ પરિણામો મોદીના રાજકીય ભવિષ્ય સામે પડકારરૂપ બની શકે !

લાઈન - ઓનલાઈન અને ઓફલાઈન

રંગ અને વ્યંગ
અનંત પટેલ

આજે 'લાઈન' (Line) શબ્દ અને તેના ઉપયોગ વિશે સહેજ વાત કરવી છે.

ઘણાં વરસો પહેલાં અમદાવાદમાં પ્રેમાભાઈ હોલ કે બીજા કોઈ હોલ ઉપર એક કોમેડી નાટક ભજવાતું, 'મારો લાઈન તો તબિયત ફાઈન ' અહીં લાઈન અને ફાઈનની જબરી તુકબંધી કરીને પુરુષોની પત્ની સિવાયની અન્ય સ્ત્રીઓને લોલુપ નજરે જોવાની બાબતે ગમ્મત પીરસાતી હતી.

લાઈન એ અંગ્રેજી શબ્દ છે તેનો સરળ અને સીધો અર્થ થાય છે કતાર, હરોળ અથવા સીધી લીટી-રેખા. પણ આ લાઈન શબ્દનો મારો લાઈન તો તબિયત ફાઈનમાં થયેલો ઉપયોગ જોયા પછી થયું કે પબ્લિક ક્યા શબ્દનો ક્યાં કેવો મેળ પાડી દે તેનું કંઈ નક્કી હોતું નથી. બીજી રીતે જોઈએ તો લાઈન શબ્દ મનુષ્યના જીવન સાથે કેટલો જોડાઈ ગયો છે તે તમે નીચેની બાબતો પરથી જાણી શકશો

● બાળકના જન્મ માટે પણ પસંદગીની હોસ્પિટલમાં નામ નોંધાવવાથી જ જીવનની લાઈનની શરૂઆત થાય છે...

● જન્મ પછી એને દરેક જગાએ લાઈનનો ભેટો થતો જ રહે છે..

● સારી શાળામાં એડમિશન માટે, --- સારી કોલેજમાં એડમિશન માટે,

● નોકરી ધંધા માટે પરીક્ષા આપવામાં કે લોન લેવામાં,

● બજારમાં ખરીદી કરવા માટે,

● લાઈટબિલ કે ગેસ બિલ ભરવા માટે બેંકમાં કે પોસ્ટ ઓફિસમાં પણ લાઈન જ હોય...

● સારી છોકરી કે સારો છોકરો શોધવા માટે સમાજમાં કે મેરેજ બ્યુરોમાં પણ લાઈન...

● મતદાન કરવાની ય લાઈન...

જો કે શિસ્તબધ્ધ અને સુચારુ વ્યવસ્થા કે વહીવટ માટે આવી લાઈનની વ્યવસ્થા ખૂબ જ જરૂરી પણ છે. એ ન કરાય તો બિન જરૂરી પ્રશ્નો, ઝઘડા અને ઝપાઝપી થાય તે વધારાનું. ટૂંકમાં આજના મનુષ્યના જીવન સાથે જૂદી જૂદી બિમારીઓની જેમ લાઈન પણ જોડાઈ ગયેલી છે.

● બહેનોની લાઈન, ભાઈઓની લાઈન, સિનિયર સીટીઝનોની લાઈનો રાખવી અતિ આવશ્યક પણ છે...

● વસતિ એટલી બધી વધી છે અને સાધનો એટલાં ટાંચાં છે કે લાઈન કલ્ચર ના ગમે તો ય સ્વીકારવું જ પડે છે...

● બાકી હતું તે વળી આ કોરોનાની મહામારીએ તો સ્મશાનમાં અંતિમ વિધિ માટે પણ લાશોની ય લાઈનો કરાવી દીધી છે....!

● સોશીયલ મીડીયામાં વોટ્સ અપ ઉપર કોઈ મિત્રને ઓન લાઈન જોઈને ઘણીવાર હરખમાં આવી જઈ લોકો ચેટીંગ કરવા માટેની તક પણ સાધી લે છે...કોઈ ફોન ન ઉપાડતા મિત્રને તરત ફોન પણ કરી લેવાય છે...!

● શિક્ષણ ઓનલાઈન, નાના મોટા સેમિનાર, કવિ સંમેલનો મેળાવડા પણ ઓનલાઈન થતા જોવા મળે છે...એક રીતે એ ઘણી સારી બાબત પણ છે.

● લોકો જે કાયમ ઓફલાઈન રહેતા હતા તે પણ હવે તો ઓનલાઈન જોવા મળતા થયા છે તે આજના સોશીયલ મીડીયાની એક મોટી ભેટ છે...ઓફલાઈન શિક્ષણ ક્યારે ફુલ સ્વિંગમાં શરૂ થશે એ તો ભગવાન જ જાણે.

● વળી લાઈન શબ્દનો એક ઉપયોગ એ બતાવવાનો રહી ગયો કે બારમા ધોરણ પછી છોકરા કે છોકરીએ કઈ વિદ્યાશાખામાં જવું એના માટે એવું ય પૂછાય છે કે ભાઈ તારે કઈ લાઈન લેવી છે ? અથવા તો કઈ લાઈનમાં જવું છે ?

બસ ત્યારે, લાઈન શબ્દના બીજા ઉપયોગ તમને પણ મનમાં યાદ આવ્યા હશે તો એ અમને લખી મોકલશો...

મો-૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

ડૉ. જીવરાજ મહેતા : આપણાં રાજ્યના પ્રથમ સમર્થ સુકાની

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

મે મહીનાના પ્રથમ અઠવાડિયે આપણાં રાજ્યની સ્થાપનાના શુભ દિવસે વીર ગુજરાતી ઈન્દુચાચાની સ્મૃતિ થવી સ્વાભાવિક છે. ઈન્દુચાચાના સિંહનાદે ગુજરાતીઓ લાંબા સંઘર્ષ માટે આળસ મરડીને ઊભા થયા હતા. ઘસાઈને ઉજળા થવાનો જીવનમંત્ર લઈને ઉજળું જીવતર જીવી ગયેલા સૌના મહારાજ રવિશંકર દાદાની પણ પુણ્ય સ્મૃતિ થાય. મહારાજના હસ્તે રાજ્યની સ્થાપનાનું દીપ-પ્રાગટ્ય ગાંધી આશ્રમમાં સાબરમતીની સાક્ષીએ થાય તે ગૌરવ અને અહોભાવ ઉપજાવે તેવો પ્રસંગ છે. આ સંદર્ભમાંજ એક ત્રિજું નામ જે પણ કદી વિસ્મૃત થઈ શકે તેવું નથી તે એક અડિખમ ગાંધીવાદી આગેવાન તથા નવા સ્થપાયેલા ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી તરીકે વરણી પામનાર ડૉ. જીવરાજ મહેતાનું છે. મુંબઈ – મહારાષ્ટ્રથી જૂદા થઈને ગુજરાતને આર્થિક રીતે પગભર કરવાના અનેક પ્રશ્નો હતા. જીવરાજભાઈ તેમના બહોળા વહીવટી અનુભવ તથા તીક્ષ્ણ બુધ્ધિમત્તાને કારણે આ કાર્ય કરી શક્યા. સનત મહેતાએ તેમને ''આધુનિક ગુજરાતના ઘડવૈયાલ્લલ કહ્યા છે. (સમતાનો મેર : ડૉ. જીવરાજ મહેતા પ્રકાશક : અમરેલી જિલ્લા વિદ્યાસભા) મુંબઈથી અલગ પડ્યા પછી એક સ્વતંત્ર રાજ્ય તરીકે ગુજરાતનો વિકાસ થવો મુશ્કેલ છે તેવો મત અનેક લોકોનો હતો. ડૉક્ટર સાહેબે પોતાની શક્તિ, વહીવટી સૂઝ તેમજ નિષ્ઠાથી આ ભયને ખોટો પુરવાર કર્યો. જે વાત સાચી લાગે તે કહેવાની તેમની જન્મજાત શક્તિ હતી. આથીજ કોઈ સ્વમાન ઘવાય તેવી સમાધાન વૃત્તિ એ તેમના વ્યક્તિત્વને અનુરૂપ ન હતી. જોકે તેની મોટી કિમ્મત ચૂકવતા તેઓને ગુજરાતનું મુખ્યમંત્રીપદ છોડવું પડ્યું તે ઘટના ખેદ ઉપજાવે તેવી છે. તેમના અનેક કાર્યોમાં સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપના એ કદી વિસ્મૃત ન થાય તેવી બાબત છે. જોકે મહારાજા સયાજીરાવ ગાયકવાડ સાથેનો તેમનો અંગત સ્નેહ તથા સંપર્ક તેના મૂળમાં છે. નર્મદા યોજના એ પણ ડૉ. મહેતાની દુરંદેશીનું પરિણામ છે તેમ કહી શકાય.

રત્નપારખુ મહારાજા સયાજીરાવ ગાયકવાડ સાથે જીવરાજભાઈની વિદેશમાં થયેલી મુલાકાત ફળદાયી બની રહી. ૧૯૨૦માં ડૉ. મહેતા પોતાની સારવાર માટે સ્વીટ્ઝર્લેન્ડ ગયા હતા. ત્યાંજ તેઓ મહારાજા સયાજીરાવ ગાયકવાડના સંપર્કમાં આવ્યા. સયાજીરાવ એક કુશળ ઝવેરી સમાન શક્તિ ધરાવતા હતા. તેઓ જીવરાજભાઈની શક્તિને પારખી શક્યા. મહારાજાએ જીવરાજભાઈને વડોદરા રાજ્યની સેવામાં જોડાવા આગ્રહપૂર્વક જણાવ્યું. પોતે વડોદરા રાજ્યનાજ વતની એટલે જીવરાજભાઈએ આ નિમંત્રણનો સ્વીકાર કર્યો. ૧૯૨૧માં તેઓ મહારાજા સયાજીરાવના અંગત તબીબ તરીકે જોડાયા. ડૉ. મહેતાનીકાર્ય કરવાની શક્તિ તેમજ ક્ષમતાને ધ્યાને રાખીને મહારાજે ૧૯૨૨માં તેમની નિમણૂંક વડોદરા રાજ્યના ચીફ મેડીકલ ઓફિસર તરીકે કરી. ૧૯૨૪માં તેઓ હંસાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. તે સમયમાં સામાજિક રીતે આ એક ક્રાંતિકારી પગલું હતું. કારણકે બન્ને ભિન્ન ભિન્ન જ્ઞાતિના હતા. પંડિત જવાહરલાલ નહેરુના પિતા મોતીલાલ નહેરુના પણ ડૉ. મહેતા તેઓ તબીબ હતા. પંડિતજીને તેમનામાં સંપૂર્ણ શ્રધ્ધા હતી.

દેશ આઝાદ થયો ત્યારબાદ સરદાર સાહેબની કુનેહ તથા અથાક મહેનતથી દેશી રજવાડાઓના દેશ સાથેના વિલિનીકરણનું કાર્ય થયું. સૌરાષ્ટ્રના પણ એક સંયુક્ત રાજ્યની તે સમયમાં રચના કરવામાં આવી. ગાયકવાડી રાજ્ય પણ એક વિશાળ દેશી રાજ્ય હતું. આથીજ અંગ્રેજોની વિદાય પછી અમરેલી સહિતના ગાયકવાડી પ્રદેશોમાં જવાબદાર રાજ્યતંત્ર માટેની લાગણી પ્રબળ બની. પરંતુ સયાજીરાવ તથા તેમના પુત્ર પ્રતાપસિંહ રાવ ગાયકવાડમાં જમીન – આસમાનનો તફાવત હતો. પ્રતાપસિંહરાવ રાજ્યની સંપત્તિના ભોગે એશ આરામ કરનારા રાજવી તરીકે જાણીતા હતા. તેઓ મહદ્દઅંશે વિદેશમાં રહેતા હતા. વૈભવી જીવન જીવનારા હતા. લોકોથી વિમુખ હતા. સરદાર સાહેબના પ્રયાસને કારણે ડૉ. જીવરાજ મહેતાની નિમણૂંક વડોદરા રાજ્યના દીવાન તરીકે થઈ હતી. (જૂન-૧૯૪૮) સરદાર સાહેબનું આ પગલું દીઘર્દ્રષ્ટિયુક્ત તેમજ સ્નેહપૂર્ણ હતું. મહારાજા પ્રતાપસિંહરાવના પ્રજા વિરોધી વલણને ડૉ. મહેતા સહન કરે તેવી સંભાવના હતી નહિ. એવી સમાધાનવૃત્તિ કે પોતાની સલામતીની ભાવના મહેતા સાહેબની પ્રકૃતિમાંજ ન હતા. આથી ઓગસ્ટ-૧૯૪૮માં વડોદરા રાજ્યની ધારાસભામાં મહારાજાના કેટલાક પ્રજા વિરોધી કાર્યોની અસરકારક તેમજ તર્કબધ્ધ રજૂઆત ડૉ. મહેતાએ કરી. મહારાજા સામેનું એક વિસ્તૃત તહોમતનામુ તેમણે ધારાસભામાં રજૂ કર્યું. જે દીવાનની નિમણૂંક રાજવીએ કરી હોય તેજ વ્યક્તિ રાજવી પાસે પ્રજાવતી ન્યાય મેળવવા જવાબ માંગે તે એક જ્વલ્લેજ બને તેવી ઘટના હતી. જીવરાજભાઈના પ્રયાસોથી વડોદરા રાજ્યની ધારાસભામાં મહારાજને ગાદીત્યાગ કરવા માટે અનુરોધ કરતો ઠરાવ પસાર થયો. પ્રજામતનો મીજાજ જોઈને અંતે મહારાજાને લંડનથી પાછા આવીને ગાદીત્યાગ કરવો પડ્યો. ડૉ. મહેતા સાહેબે વડોદરામાં જે શાસન પરિવર્તન કરાવ્યું તે ગુજરાતના ઈતિહાસની એક ભાતીગળ ઘટના છે. ગાંધી વિચાર પ્રેરીત અહીંસક તથા તર્કબધ્ધ એવી આ ઘટના સ્મૃતિમાં કાયમ રહે તેવી છે.

વડોદરા રાજ્યના થોડા સમય પહેલાજ નીમાયેલા આ દીવાન ગરવી ગુજરાત રાજ્યની સ્થાપના પછી રાજ્યના પહેલા મુખ્ય પ્રધાન થયા હતા તે બાબત દરેક ગુજરાતી માટે ઐતિહાસિક ગર્વનો વિષય છે. ગુજરાત રાજ્યની સ્થાપનાના શુભ દિવસોમાં ડૉક્ટર સાહેબની સ્મૃતિ વિશેષ થાય તે સ્વાભાવિક છે. આવા મહાનુભાવોનું સ્થાન લોક હૃદયમાં હમેશા આદરથી સચવાઈને રહે છે. અમરેલીના કવિ રમેશ પારેખે લખેલું છે તેમ આવા પુણ્યશ્લોક વ્યક્તિઓના પગલા કાળ પણ સાચવીને રાખે છે.

પડે ન સહેજે ખુદનો ડાઘો એમ જગતને અડે
દુર્લભ એ દરવેશ કે જેના કાળ સાચવે પગલાં.

ગુજરાતના સમજુ નાગરિકો રવિશંકર મહારાજ, ઈન્દુલાલ યાજ્ઞિક તેમજ ડૉ. જીવરાજ મહેતાના જીવન તેમજ તેમના સમાજલક્ષી યોગદાનમાંથી હમેશા પ્રેરણા મેળવી શકે છે. 'રોલ મોડેલલ્લ લોકોની શોધ કરવા ગુજરાતે બહાર ક્યાંય નજર દોડાવવાની કદાચ જરૂર નથી.

ગાંધીજી શિખામણ આજના સમયમાં આપણા આચાર-વિચારમાં ઉતારવાની છે

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

બાપુએ શિક્ષણનો મહિમા ક્યારેય ઓછો આક્યો નથી પરંતુ સ્વચ્છતાની વાત આવે ત્યારે ગામડાંઓના બનેલા દેશ એવા હિન્દુસ્તાન અક્ષરજ્ઞાન કરતાં પણ અન્ય અનેક બાબતો એવી તેમણે દર્શાવી કે સમાજજીવનમાં એ વસ્તુઓ જરુરી છે.

ભારતના ગામડાઓમાંની ગંદકીને જોઈને તેઓ સૌથી પહેલાં તો આઝાદીની લડાઈમાં ગંદકી દૂર કરવી એ પહેલો મુદ્દો છે એમ જ સમજાવવા લાગતા હતા. સમર્થ લોક કેળવણીકાર એવા મહાત્મા ગાંધી સ્વચ્છતાની જાળવણી થકી આરોગ્યપ્રદ વાતાવરણ ઊભું કરવાનું શિખ આપતા એવું કહેતા કે 'લોક કેળવણીનો વિચાર કરતાં અક્ષરજ્ઞાનની આવશ્કતાને બહુ જ ગૌણ સ્થાન મળે છે. જીવનનાં મુખ્ય અંગોને સારું અક્ષરને સ્થાન જ નથી એમ કહી શકાયલ્લ એવો આત્યંતિક વિચાર તેમણે મૂક્યો હતો. પાછા પોતાના વિચાર પાછળ તર્કબદ્ધ દલીલ એવી કરતાં કે મોક્ષ એ આપણી આત્યંતિક સ્થિત છે. કોણ ના પાડશે કે ઔહિક અને પારલૌકિક મોક્ષને સારું અક્ષરની જરુર નથી, કરોડોના અક્ષરજ્ઞાનને સારું, સ્વરાજ પ્રાપ્તિને સારું આપણે રોકાવું પડે તો સ્વરાજ પ્રાપ્તિ લગભગ અશક્ય જેવી થઈ પડે. અને દુનિયાના મહાન શિક્ષકો જેવા કે ઈશુ ઈત્યાદિને અક્ષરજ્ઞાન હતું એવું કોઈએ કહ્યું નથી.

મહાત્મા ગાંધી આ વાત કરીને અક્ષરજ્ઞાનનું મહત્વ ક્યાંક ઓછું કરતા હતા એવું નથી પરંતુ અક્ષરજ્ઞાનથી પણ વધુ મહત્ત્વની એવી સામાજિક બાબતોને માત્ર અક્ષરજ્ઞાનના સંદર્ભે ગૌણ ગણાવી લેવામાં આવે એ તેમને રુચતું ન હતું.

નવજીવન વિચારપત્રની શિક્ષણ અને સાહિત્યની પૂર્તિમાં 'ગામના રોગલ્લ લેકમાં તેઓ સ્પષ્ટ કરે છે કે આ લેખમાળાની કલ્પનામાં અક્ષરજ્ઞાન છેલ્લે આવે છે. તે સાધન છે, સાધ્ય નથી. અક્ષરજ્ઞાનનો સાધન તરીકેનો ઉપયોગ ઘણો છે તે જગજાહેર છે. પણ કામધંધામાં પડેલા, ઉંમરે પહોંચેલા કરોડો ખેડૂતોને સારું ક્યા જ્ઞાનની આવશ્યકતા છે એનો વિચાર કરતા આપણે જોઈએ છીએ કે અક્ષરજ્ઞાનના પહેલા અનેક વસ્તુઓ એવી છે કે જેનું જ્ઞાન તેમને આજે મળી જવું જોઈએ.

લેખમાળામાં આટલી વાત કર્યા પછી તેઓ ગામડાની વાત કરે છે. તેઓ ભારતના ગામડાંના સામાન્ય રોગ તાવ, બંધકોશ અને ફોડા હોય છે.

દરેક ગામમાં ઈસ્પિતાલ હોય એ કરતાં ગ્રામસફાઈ અને સુવિધા જરૂરી

આ ત્રણેય રોગથી પીડાતા ખેડતોના કામમાં ખલેલ આવે છે. આ ત્રણેય રોગના ઘરઘરાઉ ઈલાજ જાણી લેવાનું જરુરી હોવાનું દર્શાવતા તેઓ કહે છે કે આ વ્યાધિઓની ઉપેક્ષા કરીને આપણે કરોડો રૂપિયાનું નુકસાન ખમીએ છીએ. આ રોગનું નિવારણ બહુ સહેલું હોવા છતાં તે તરફ ધ્યાન અપાતું નથી.

તત્કાલીન ભારતની તે સમયની ગામડાંઓમાં વ્યાપ્ત આ ત્રણ રોગની વ્યાધિઓના શાસ્ત્રીય ઉપચાર દર્શાવતા તેઓ કહે છે જો ગામની સ્વચ્છતા સધાય તો ઘણા રોગો થતા જ અટકે. અને વૈદ્ય માત્ર જાણે છે કે રોગનો સર્વોત્તમ ઈલાજ તેને થતો અટકાવવો એ છે. બદહજમી અટકાવતાં બંધકોશ અટકે; ગામની હવા સ્વચ્છ રાખતાં તાવ અટકે. ગામનું પાણી સ્વચ્છ રાખવાથી અને નિત્ય સ્વચ્છ, પાણીથી નાહવાથી ફોડા અટકે, અને ત્રણે રોગ થઈ આવે તો તેનો સરસ ઉપચાર તો બાપુ બતાવે જ છે, ઉપવાસ.

ગામડામાં ઈસ્પિતાલ હોવી જોઈએ, અથવા તે નહીં તો એક ડિસ્પેન્સરી તો હોવી જ જોઈએ, એવી માન્યતા હું ચોમેર જોઉં છું. મેં તો એવી આવશ્યકતા મુદલ જોઈ નથી. ઘણા ગામોની આસપાસ એવી સંસ્થાઓ હોય તો સારું, ખરું. પણ આવી વસ્તુ મહત્ત્વ આપવા યોગ્ય નથી એમ તેઓ સ્પષ્ટ કરે છે. ઈસ્પિતાલ હોય ત્યાં દરદીઓ તો ભરાવાના જ. તેની ઉપરની એવું અનુમાન ન ખેંચાય કે સાત લાખ ગામડામાં સાત લાખ ઈસ્પિતાલ હોય તો મહાન ઉપકાર થાય.

દરેક ગામડાંનું દવાખાનું, ગામડાની શાળા હોય અને ગામડાનું વાચનાલય હોય તો મહાન ઉપકાર થાય. પણ આ ત્રણેયના મકાનનો વિચાર કરીએ તો એ રીતે બધા ગામડાંને પહોંચવા સારું કરોડો રુપિયા જોઈએ ને ઘણો કાળ વીતે. એટલે લોકશિક્ષણનો ને ગ્રામસુધારણાનો વિચાર કરતાં આપણે દેશની અત્યંત ગરીબાઈને યાદ રાખ્યે જ છૂટકો છે. આવી બાબતો વિશેના આપણા વિચારો આપણે પરદેશોને લૂંટીને ધનાઢ્ય થયેલી પ્રજા પાસેથી ભાડે ન લીધા હોત તો, અને આપણમાં ખરી જાગૃતિ પેદા થઈ હોય તો, ગામડાંના વાન કયારનાં બદલાઈ ગયા હોત.

ગાંધીજીએ ફરી ફરીને એક વાત પર ભાર મૂક્યો છે કે દરેક વ્યક્તિની અંગત ગુણવત્તા અને આંતરિક શક્તિ પર સ્વરાજયનો આધાર રહેલો છે. લોકશાહીની આ બુનિયાદી વાત છે. 'સ્વલ્લ ઉપર રાજય કરી શકે એવા સ્ત્રી-પુરુષો જ સ્વરાજય માટે અને લોકતંત્ર માટે લાયક બને છે. લોકશાહી કાંઈ ઘેટાંશાહી નથી! લોકો ગાડરિયા પ્રવાહમાં તણાય એ નહીં ચાલે.

લોકશાહીનો સાર ગાંધીજીના શબ્દોમાં કહીએ તો : 'પ્રજાનું સ્વરાજ એટલે પ્રત્યેક વ્યક્તિના સ્વરાજમાંથી ઉત્પન્ન થયેલું પ્રજાસત્તાક રાજય.લ્લ ગાંધીજી તો વારંવાર કહેતા 'સાચી લોકશાહી કેન્દ્રમાં (અહીં મ્યુનિસિપલ કોર્પોરેસન!) બેઠે બેઠે રાજવહીવટ ચલાવનાર વીસ માણસો નહીં ચલાવી શકતા, ઠેઠ ને નીચેની હરેક ગામના (સેકટરના!) લોકોએ ચલાવવી રહેશે.'

કટોકટી સમયે સંસદમાં સતત લોકશાહી માટે ઈન્દિરા ગાંધી સામે વૈચારિક રહેલાં એવા કર્મઠ સંસદસભ્ય પ્રો. પુરુષોત્તમ માવળંકરે લોકશાહી અંગે ગાંધીજીએ કરેલી વાતને જોવા જેવી છે. હેરલ્ડ લેસ્કીના શિષ્ય અને રાજનીતિ વિજ્ઞાનના પ્રોફેસર માવળંકર સાહેબ લખે છે :

''ગાંધીજી આ બધી શિખામણ આમ તો જૂની અને જાણીતી છે. પરંતુ આજના સમયમાં એ આપણે નવેસરથી અને નિર્ભયતાથી ફરી યાદ કરવાની છે, તથા આપણા આચાર-વિચારમાં એ ઉતારવાની છે. લોકશાહી જીવન અને રાજયવ્યવસ્થા અંગેનો સમગ્ર માનવજાતનો આજ લગીને અનુભવ નિચોડ ભારતની વર્તમાન પેઢીઓએ જાણવાનો છે, જોવાનો છે, તપાસવાનો છે. પણ સ્વરાજના જતન અને સંવર્ધનનું આ પુણ્યકાર્ય આપણે કરીએ ત્યારે ગાંધીજીએ એક જ વાક્યમાં સચોટ રીતે રજૂ કરેલી ભાવના કદી ન ભૂલીએ કે 'મારે ઘણી નવી ચીજો લખવી છે. પણ તે બધી ભારતીય પાટી પર જ લખવી જોઈએ.''

સંદર્ભ :
લોકશાહી, જાહેર જીવન, સામાન્ય ચૂંટણી, લેખ : ગાંધીજી અને લોકશાહી, લે. પુ. ગ. માવળંકર પૃ.૧૫, ૨૧.
સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ : ૪૨, પૃષ્ઠ - ૨૭૪